શ્રી જૈનધર્મો જયતે.

श्री सुंदरगुण रत्नमाळा.

અમદાવાદ,

"ગુજરાત ગેઝીટ પ્રેસ."

સંવત ૧૯૫૦. સને ૧૮૯૩

५६४९

॥ श्री मुनिगुण रत्नमाळा,

सवैयो.

ज्ञानको उजागर, सहज सुख सागर;
सुगण रत्नागर, वैराग रस भर्यो है.
मरणकी रीत हरे, मरणको भे न करे,
करण को पीठ दे चरण अनुसर्यो है.
धर्मको मंडण, भर्मको वीहंडन,
परम नरम व्हे, के कर्म भुलर्यो है
एसो मुनिराज, भुलोकमे विराजमान;
तेही नीरखत, बनारसी, नमस्कार कर्यो है.

શ્રી જગતપતિનો રાગ.

શ્રી સંકેશ્વરા, પ્રભુ પાર્શ્વ જીનવરા;
જાદવ કુલની જરા નિવારી, હે ધરણી ધરા. શ્રી સંકે૦
અંતરજામી, શીવપુર સ્વામી, વંદુ દ્વિકર જોડ;
શેવક જનને સાહ્ય કરી, પ્રભુ પુર જો વાંચ્છિતકોડ. શ્રી સંકે૦
જંબુદ્વિપના ભરત ક્ષેત્રમાં, શુભ શુભનિક જે શેહેર;
લીલાવંત લક્ષીમીથી પુરૂ, મહા પ્રભુજીની મેહેર. શ્રી સંકે૦
અવદીચ જ્ઞાતી દાનમલજી, વસે બહુ દાતાર;
વિજયકોર પત્નિ તસ કુક્ષે, જન્મ્યા ભ્રાત કુમાર. શ્રી સંકે૦

લઘુવયમાં આતમ સુખ કાજે, મુકયાં સુખ સંસાર;
નિજ કુળ મુકી શીવસુખ સાધન, લીધો સંજમ ભાર. શ્રી સંકે૦
સંવત ઓગણી પાંત્રીસની સાલે, મુક્તિચંદ મુનિરાય;
ગુરૂજી પાસે દીક્ષા લીધી, વીરમગામની માંય. શ્રી સંકે૦
સાડત્રીસના શુભ વૈશાખે, પંચ મહા વ્રત ધાર;
કુશળચંદ ગુરૂજીની પાસ, કીધો ક્રીયા ઉધ્ધાર. શ્રી સંકે૦
અનુકુળ દેશ વિદેશે વિચરી, તાર્યો જૈન સમાજ;
પ્રેમે પ્રણમું મુકિત દાતા, ભ્રાતૃચંદ્ર મુનિરાજ. શ્રી સંકે૦
મહામુનિ મહારાજા વિચરંતા, આવ્યા દક્ષીણ દેશ;
ત્રંબાવટી નયરીમાં દીધો, જૈનોને ઉપદેશ. શ્રી સંકે૦
ત્રંબાવટ ખંભાત નયરથી, ગુરૂજી કરી વિહાર;
ગજનગરપુર પાવન કરતા, પધાર્યા તેણી વાર. શ્રી સંકે૦
સંવત ઓગણી ચાર નવના, ઉત્તમ ચઇતર માસ;
પ્રેમે ગુરૂજી પુર પધારી, પુરતા સૌની આશ,
અતિ ઉછરંગે સામૈયુ લઈ, શ્રાવકનો સમુદાય;
વિનયથી વાંદી તેડી લાવે, ભ્રાતૃચંદ્ર મુનિરાય. શ્રી સંકે૦
પાર્શ્વ ગચ્છનો હતો ઉપાશ્રય, કીધો ત્યાં વિસરામ;
સામળ પોળે સ્વામીજીએ, સ્થાપ્યો નિજ મુકામ. શ્રી સંકે૦
ભરી સભામાં જૈન જનોને, દીધો આત્તમ બોધ;
અનુગ્રહ કરીને સ્વામી વત્સળ, કરતા છાંડી ક્રોધ. શ્રી સંકે૦
ત્યાર પછી વિસ્તાર વધ્યો તે, વદશું આગળ વાત;
પ્રેમે પ્રણમે ભ્રાતૃચંદ્રજી, **શશિ** સુત જોડી હાથ. શ્રી સંકે૦

છાઈ ગેટા ગગનમેં કારી રાજુલકુ વિરહ દુઃખ ભારી. એ રાગ.

તમે બધા બાળકો અહીં આવો મહારાજાના ગુણ ગાવો;
ભ્રાતૃચંદ્ર મુનિને ભાવો, લ્યો આતમ સુખનો લ્હાવો.

ફરી વખ્ત ભળે નહીં આવે, મન વચન થકી થીર થાવે,
કહો ગુરૂજીને જઇ એવું, છે સીવપુરમાં સુખ જેહેવું.
મુકિત પદ સ્વામી લેવું;
અમે આવ્યા આપની પાસ, ધરી ઉલ્લાસ.
જાણી નીજ દાસ, માર્ગ બતલાવો. મહારાજ, તમે.

સુણો મોરી સખીયાં. એ રાગ.

સુણો મીત્રો મારાં, મહારાજ પધાર્યાં.
આનંદ અતિશે ઉર થાય થાય થાય.
ભાતૃચંદ્ર મુનિ, મુનિ ગુણવાન,
ભેટયા થકી ભવ દુઃખ જાય જાય જાય;
રાજનગ્ર આવ્યા, મુનિ મહારાજ.
ગુરૂજીના ગુણ સહુ ગાય ગાય ગાય.
વંદે વૃત ધારી, એસી નરનાર,
ગુરૂ મુખવાણી ચિત્ત ચા'ય ચા'ય ચા'ય.
દેસના દીયે ભ્રાતૃચંદ્ર મુનિરાય;
સંસાર તારક થશે સાહ્ય સાહ્ય સાહ્ય,

ત્રોટક છંદ.

સામળા પાર્શ્વનાથજીના દેરાસરનુ વર્ણન.

સુખદાઈ સવાઈ શહેર ઘણું, મહીમંડણ ગુર્જર ભુમી તણું,
સાહુકાર શ્રીમંત જનો બહુળા, નવયોવન નારી ઘણી ચપળા, ૧
જીનમંદીર સુંદર સોભી રહ્યાં, સુર લોકથી લાવી વીમાન ગ્રહ્યાં;
નવરંગીત પંચ સુવર્ણ મઈ, બહુ બારી ઝરૂખ ગવાક્ષ સઈ, ૨
ચીતરેલ મનોહર સીલ્પજને, નરનારી જનાવર પક્ષી અને–
સુર કીંનર દાનૃવ નાગીનકા, ભુવના સુરવંતર જોતીસ્તકા. ૩

વળી સાથ સાહેલી ટોળી મળી, ગુણ ગાય જીનેસ્વર ના વીમળી
સુરી કીંનરી ખેચરી પ્રમ પતિ, બહુ નૃત્ય સુગીત મુખે સ્તવતી ૪
ધરિ ભેરી પખાજ મૃદંગ બહુ, સરણાઈ સતારથી ગાય સહુ
ગણી કોણ સકે ગુણ તેહ તણા, ભલી ભારતી ભુલી રહે ભણતાં ૫
જઈ રાજપુરે સુભ ભાવ ધરી, ચરણાબુંજ વંદન હર્ષ કરી,
પ્રભુ પાર્શ્વ જીનેસ્વર સામળીઆ, નીરખત મુજ પાપ સર્વે ટળીઆ. ૬
કરજોડી કલ્યાણ વદે મુખથી, તુમ મુક્ત કરો મુજને દુઃખથી,
સુખ શાંતી કરો પુરી તાપ હરો, બળ બુદ્ધી પરાક્રમવાન કરો. ૭

લાવણી.

ધન્ય ભાગ્ય તણા દીન આજ, રાજનગરીના;
પાવન કીધા પરલોક લખુ એ ઝીના.
મુનિરાજ પધાર્યાપુર ચઈતર વદ બીજે;
સહુ શ્રાવક કહે મુનિરાજ વધાવી લીજે.
કરી સાંમૈયુ તૈયાર ગયા સૌ સામે;
ગુરુ પાસે જઈને ચરણ કમળ સીસ નામે.
વિનંતી કરી મુનિરાજને તેડી લાવે;
વાજતે ગાજતે સામળ પોળે આવે.
પોળે પરવેશ કર્યાની બા'રી જ્યાં છે;
પાર્શ્વ ચંદ્ર ગચ્છનો એક, ઉપાશ્રય ત્યાં છે.
ગુરુ ઉતર્યા તેને ઠામ સાધુ બેઉ સાથે
સહુ નમ્યા મુનીને ત્યાંય, જોડી બેઉ હાથે.
ગુણચંદ ઘણા ગુણવંત. બાળ બ્રહ્મચારી.
દીપચંદજી પણ છે, મુનિ મહા વ્રત ધારી.
ગુરૂજી ત્યાં દે ઉપદેશ, ભવી ભવ તરવા;

આવે સહુ નરનેનાર, વ્રત ઉચરવા.
હનિશ વાંચે વાખ્યાન, મુનિમહારાજ;
સુણવા આવે સૌ લોક, પુર ના ઝાઝા.
બહુ આવે લોકના થોક ઉપાશ્રય નાનો
પછી બાંધ્યો માંડવો એક બહાર મજાનો.
ત્યાં બેસી મુનિમહારાજ દેસના દેતા;
માનું ભાવો સૌધર્મ કરો એ કહેતા.
બહુ હર્ષ થયો ત્યાં પોળ તણા પુરૂષોને;
કરે મોચ્છવનો આરંભ ધરી હુંશોને.
આઠાઇ મોત્સવ અષ્ટોત્રી સ્નાત્ર ભણાવે;
સૌ આત મળી જીનરાજ તણા ગુણ ગાવે.
દીન દીન આંગીજીનરાજ અનીક રચાવે;
વાજાં વીધ વીધનાં જીન મંદીર વજડાવે.
દીપમાળ રચાવે, દેહરે દેહરે હાંડી;
ઇંદ્રાપુરી સમ રચના રચવા માંડી.
જીન સાસનો ઉદ્યોત અનીશ કીધો;
કરી જમણ વારને જસ સંજોગે લીધો.
વરઘોડો ચડાવ્યો જીનજીને પધરાવી;
એનાં આવીક શુભ રાજનગરના ભાવી.
વળી શેવક જન સહુ, વિનતી કરવા આવે;
વિહારનું જાણી, ઘેર ઘેર પધરાવે.

બનજારાની દેશી.

વીહાર કરે વ્રત ધારી, આવી નમે છે નરનેનારી;
ગામ ગોધાવિના નિવાશી, વીરચંદ ભાઇને સાબાશીરે;
કરીઅર્જ મુનિ ગુણધારી. આવી૦

વીનતી કરી નિજઘર લાવે, વળી ઓત્સવ રંગ વધાવેરે;
છે ભાવ તણા ફળ ભારી. આવી૦
પછી પાંજરા પોળે પધરાવે, મોતી કુંવર મનના ભાવેરે;
ભાવી ભક્તોની બલીહારી. આવી૦
અઠાઇ ઓત્સવ આરંભ કરતાં, ગુરૂ વાણીને શ્રવણે ધરતાંરે
આવ્યું ચોમાસું નજીક તે વારી. આવી૦
વીરમગામથી શ્રાવક આવે, કહે મહારાજને ભાવેરે
કરો પાવન પુર પધારી. આવી૦
પછી ગુરૂજી નરોડે જાવે, સાથે જાત્રાએ જનબહું આવેરે;
ત્યાં અર્જ કરે સંઘ સારી. આવી૦

(પીઉને તજાવનાર એ રાગ)

મહારાજા પધારી પુર, આશ તો પુરો;
આવતુ ચોમાસું આંહી, આપ વીચરો.
દુ:ખ રૂપી સંસારમાં, આપ આશરો;
જડમતિ ચૈતનને, કરો પાંસરો.
દેસના સુણાવી દુ:ખ, દીલથી હરો;
મનુષ્ય જન્મ અમારો, કૃતારથ કરો.
આપથી વિખુટા પ્રભુ, જરા નથશું;
ગુરૂજી તેડીને તમને, આંહીથી જશું.
પધારો સામળા પોળે, આપ પ્રીતથી;
આપ વિના અમો નકી, જવાના નથી.
પાર્શ્વચંદ્ર ગચ્છ આવી, દીપાવો મહારાજ;
શેવકોની વિનતી સ્વામી છે, એવીઆજ.
ચૌગતી નીવારનાર, સુદ્ધ શૈલી જાણું;

વીતરાગ ધર્મ વા'લો, શું કરૂ વખાણ.
અનેક જીવોને પ્રતી મોક્ષ આપીઆ;
કુમતિ ટાળી ને ભવિ જીવતારીઆ,
કરૂણા સાગર પંચ મહાવ્રત ધાર.
ક્ષણ ભંગુર દેહીને આપ તારનાર;
કૃપા કરી અર્જ હવે ઉરમાં લહો.
શેવકોના હસ્ત, પ્રભુ હસ્તમાં ગ્રહો;

(ગીતી.)

હેત થકી ગુરૂ આવ્યા, રાજનગરમાં ચતુર્થ માસ કરવા;
સુણી સંઘની વીનતી, રહ્યા ચોમાસું ભવીજન દુઃખ હરવા.

(માઢ. વીરાવેસ્યાના યારી.) એરાગ.

મુનિરાજ પધાર્યા, હર્ષ વધાર્યા. જૈનીજનોના આજ;
ભવી પ્રાણીને તાર્યા, દુઃખ ઉધાર્યા હર્ષ વધાર્યા. જૈની.
પાર્શ્વચંદ્ર સુરી ગચ્છ ઉપાશ્રયે, શ્રી ગુરૂ કરે મુકામ;
ધર્મ પરૂપણા પોતે કરે રહી, નિશ્ચિંત તેને ઠામ.
મુનિ ગુણ વિચાર્યા, કસાયને વાર્યા, હર્ષ વધાર્યા. જૈની.
શ્રાવક શ્રાવીકા સ્થીર મને કરે, વ્રત અને પચખાણ,
સુદ્ધ માર્ગ મુનિરાજ બતાવે, છે નવતત્વના જાણ;
લક્ષ ચોરાસી વાર્યા, ભવને સુધાર્યા, હર્ષ વધાર્યા, જૈની.

અથ ભુજંગી છંદ,

દેશાભિમાન પુર્વક આર્ય બંધુઓની દીલગીરી.

ભલા ભૂમિમાંથી ગયા ભાગ્યશાળી, જુવો લક્ષ્મીવંતો તણી લક્ષ્મી ચાલી;
ગઈ કામધેનું ગયા કલ્પ વૃક્ષો, ગયું રત્ન ચિંતામણી જે પ્રતક્ષો. ૧
ગયા સૂરવીરો અરી જીતનારા, ખરી ખાતરીથી વિજૈ પામનારા;

હવે તો રહ્યા કોઇ મુર્ખાભિમાની, કળીકાળ રાજા તણી રાજધાની ૨
ગઈ વૈદકી જ્યોતિષી પંડીતાઇ, ગયા જ્ઞાનિ ધ્યાનિ યતી જોગી સાંઇ;
કહું વાત સાચી સુણો સત્ય માની, કળીકાળ રાજા તણી રાજધાની. ૩
ભલા પંડીતો કેઇ ભૂખે મરે છે, ઘણાં કષ્ટથી પેટને " ભરે છે,
ભણેલા ગણેલા વિના હર્ષ જાણી, કળીકાળ રાજા તણી રાજધાની. ૪
સિદાએ ઘણા સજ્જના આજ કાળે, ભલા દુષ્ટ દ્રોહી મદોન્મત્ત ચાલે.
નથી પદ્મણી સ્ત્રી દીસે ક્યાંઇ રાણી, કળીકાળ રાજા તણી રાજધાની. ૫
ભલા રાજ્ય પૂત્રા ભમે ભૂમી માહી, કરે રાજ્ય ઇંગ્રેજ આવી ઉછાંહી;
હતા નિરગુણી તે થયા આજ જ્ઞાની, કળીકાળ રાજા તણી રાજધાની. ૬
ઘણા કાળ જીવે જૂઠા પાપિ પૂરા, નરોગી સુરૂપી યુરોપીન સૂરા;
મરે અલ્પ આયુષ્યથી પૂન્ય પ્રાણી, કલીકાળ રાજા તણી રાજધાની. ૭
હશે જેહ દાતાર તેનો દલિદ્રો, ધનાઢ્યંત લોભી નરોવા નરેંદ્રો;
ભલા સજ્જનાથી ગઈ ખાનદાની, કળીકાળ રાજા તણી રાજધાની. ૮
ભલા મીત્ર પૂત્રો કલત્રો તણા છે, અરે ભ્રાતના દુઃખ આજે ઘણા છે,
થયા સજ્જનો એ વિયોગે હરાની, કળીકાળ રાજા તણી રાજધાની. ૯
ઘણી આર્યની દાઝ દેશાભિમાને, હવે સો ઉપાએ નથી બુદ્ધીવાને;
કરો દુઃખ જરો ચીત્તમાં હર્ષ આણી, કળીકાળ રાજા તણી રાજધાની. ૧૦
અરે ઇષ્ટ મારા કરો નષ્ટ કષ્ટો, હવે સાય આપો તમે કાર્ય શ્રેષ્ટો;
કરો દાસને આજ કલ્યાણ જાણી, નમૂ હાથ જોડી વદુ મિષ્ટ વાણી. ૧૧

અથ નારાચ છંદ.

વિવેકવાન જ્ઞાનવાન સુજ્ઞવંત શ્રેષ્ટ છો,
પ્રવિણ ને પ્રખ્યાત શાસ્ત્ર આપ બંધુ જેષ્ટ છો;
વિદારશો વિવેકથી વિશેષ કર્મ કષ્ટને,
સુધારશો સુબોધથી હમેશ ધર્મ ભ્રષ્ટને. ૧

કદી મળે કુબોધવાન અજ્ઞ પ્રાણી આપને,
ન ધારશો કુવાક્ય કાન સુજ્ઞ જાણી સાપને;
ન હોય ઝેર વેર તોય ડંક તેહનો નડે,
ભુજંગ દેખી ચિત્ત માંહિ મોટિ ત્રાસ તો પડે. ૨
ન દુષ્ટ સંગ સ્વપ્ન માંહિ શ્રેયતાપણું લહે,
પરાઈ રિદ્ધ સિદ્ધ દેખી દ્વેષ બુદ્ધિને વહે;
મહા કઠોર મુર્ખ હોય ઠોર ઠોર નિર્દયા;
કદી ન હોય તેહને સુસાધુતા દયા મયા. ૩
ભલે વસો વિવેકી ભ્રાતમાસ ચાર ચોંપથી,
વિવાદવાંન છે સદા શહેર રાજ્ય ખોપથી;
ભયીત જંગથી બને વિયાકાળ ફટને,
થનાર વાન થાયછે સદૈવ સુજ્ઞ મૂઢને. ૪
વિચારીને વિવેકિ ભ્રાત કોઇ વાત વાતમાં,
વદે ન વાત જે મિથ્યાત મૂર્ખ જ્ઞાત નાતમાં;
નગંગ દત્ત કુપ માંહિ આત્તવા વિચારશે,
ફગી તણું ન સ્વાદ કીર કોઇ વાસ્ત ધારશે. ૫
નચિત્તને પ્રસન્નતા પમાડનાર ગાગ છે,
કલેશને વધારનાર રાજ્ય નૈર ઠામ છે;
વસે ઘણા વિવાદવાંન પીત વસ્ત્ર ધારતા;
સફેદ વસ્ત્ર પંચમી પડૂપણા નિવારતા. ૬
વસો તમો સુવાસ જાણી આણીગચ્છ દાઝને,
સુખે સુખે સુધારવા કરો તમે સુ કાજને;
સદા અબાદી આપને સમાધિ સાંતી આપજો,
તમામ કષ્ટ દુષ્ટ કર્મ મૂળમાંથી કાપજો. ૭
તથાપિ ચેત્તિ ચાલવું હમેશ બુદ્ધિહિણથી,

મણીથી મુક્ત સર્પ જોઈ છાંડવો પ્રવીણથી;
કુસંગીયો નસંગ રંગ અંગ માંહિ આણશો,
ભલો ભલો તથાપિ તેહ ઝેર તુલ્ય જાણશો. ૮
તથા વિધેથિ જાણિ તેહ છાંડવા વિચારજો,
કૃપા કરી હવેથી આપ સિદ્ધ માંડળે પધારજો;
લખેલ જે લિલાટ માંહિ તેહ થાય છે સદા,
સુખેથી માસ ચાર ખાસ આપ ત્યાં વસો મુંદા. ૯
જનાપવાદથી લહિ અમે કુવાત કર્ણમાં;
અતી વિખાદ ઉપજયો પ્રતક્ષ દાસ વર્ણમાં;
નરાચ છંદ સાથ આજ કાવ્ય યુકિત મેળવી,
ન ભૂલ એહમાંહિ જેતર જેર જેગ ભેળવી. ૧૦
વિશેષ બોધ મેળવો સદોપદેશ દૈ કરી,
સુશીષ્યને ભણાવવા કૃપા કરો ખરેખરી;
તમામ વાત માહરી હમેશ ધ્યાનમાં ધરી,
કથે કલ્યાણ વીનતી સુજાણ જાણી ઉચરી. ૧૧

(આશાગોડી.)

જૈન ધર્મ જયકારી આહા બાઈ, જૈન ધરમ જયકારી
પર્વ પજુસણ પૂન્યે આવ્યા, ધર્મ કરે નર નારી. આહા૦
બંને વખ્તે વ્યાખ્યાન સુણાવે, મુનિ મહા શ્રુત ધારી. ,,
વ્રત પોસાહ પચખાણો કરતાં, શ્રાવક જન સુખ કારી. ,,
દીન પ્રતિ શામાયક વીધી, સમ ભાવે કરે સારી. ,,
ગુરૂ પડીક્રમણા શુદ્ધ કરાવે, પંચ મહા વ્રત ધારી. ,,
ધર્મ પરૂપણા પોતે કરીને, જૈનની કીર્તી વધારી. ,,
દેવ વંદન વીધી, શ્રાવક કરતા, યથાશકિત અનુસારી. ,,

ગુરૂજી પધારી જ્ઞાન વધાર્યું, મુગતી સૌની થનારી. ,,
જૈન ધર્મ અરૂણોદય ઉગ્યો, ભ્રાતૃચંદ્ર મુનિ ભારી. ,,
પોતે તરી ભવી જીવને તાર્યા, ધન્ય મુનિ બલિહારી. ,,
પાર્શ્વચંદ્ર ગચ્છ પ્રેમે દીપાવ્યો, ગુરૂજી એ ધર્મ ઉચ્ચારી. ,,
નીશદીન મુનિ એવા ગુણી મળજો, જગ પ્રભુ વીનતી અમારી ,,
રાજનગર પુર વાસી તમોને, ચરણે નમે આ વારી. ,,

(ભેખરે ઉતારો રાજા ભરથરી.) એ રાહ.

પંચ મહાવ્રત આદરે, ટાળી પાપ અઢાર જી,
એવાં મુનિ નિત્તે નિત્ત નમી, લઇએ ભવનો પાર જી;
મુનિ શ્રી ભ્રાતૃ ચંદ્ર વંદીએ ૧
નિંદક પૂજક સમ ગણી, કરે ક્રોધ ન લેશ જી,
અનેક પરીસહ અંગ સહે, તજી રાગને દ્વેષ જી;
મુનિ શ્રી ભ્રાતૃચંદ્ર વંદીએ. ૨.
બારે ભેદે મુનિ તપ તપી, પાળે પંચ આચાર જી,
ભાવ થકી ભલા જે કરે, નવ કલ્પી વિહાર જી;
મુનિ શ્રી ભ્રાતૃચંદ્ર વંદીએ ૩.
કળીકાળે ભવિ પ્રાણીને, સદ્‌ગુરૂનો આધાર જી,
પડતાં નિગોદે નીવારતાં, કરી આત્મ ઉદ્ધાર જી;
મુનિ શ્રી ભ્રાતૃચંદ્ર વંદીએ. ૪.
દોષ તજી અહાર વોરતાં, બેતાળીસ કરી બાહાર જી,
સંવિભાગ મુનિને કરે, સુમતિ ગુપ્તિના ધાર જી;
મુનિ શ્રી ભ્રાતૃચંદ્ર વંદીએ. ૫.
કર્મ બંધ કદી થાય તો, તે શું કરે ન વિવાદ જી,
નવવીધી શિલ નિતુરમે, એવાં ગુરૂ ધન્યવાદ જી;
મુનિ શ્રી ભ્રાતૃચંદ્ર વંદીએ. ૬.

એવાં ગુરૂ ગુણવંતને, હોજો મારા પ્રણામ જી,
ઈંદુ તનય ચિત્ત ચોટતું, ગુરૂ ચરણે તમામ જી;
મુનિ શ્રી ભ્રાતૃચંદ્ર વંદીએ. ૭.

બનજારો.

સુણો શ્રાવીકા વાત અમારી, હીત શીખ તમોને સારી;
આ સંસાર સાગર ખારો, નહીં આવશે એને આરો.
જશો આ ભવ સરવે હારી. હીત૦
જે ધાર્યું તે પેહેલાં કરવું, શું જાણીશું કાલે મરવું,
છે યમરાય ભયભારી, હીત૦
એક જૈન ધર્મને જાચો, મોહ માયા ને મતી રાચો;
થશે સુગતી તેથી તમારી. હીત૦
નિત નવ પદ સમરણ કરવું, સુભ કામ સદા આદરવું;
ધરો ધર્મ એક ચિત્ત ધારી. હીત૦
દીનપ્રતિ સમાયક કરવા, પડીક્રમણા પણ આદરવા;
યથા શકિતને અનુસારી. હીત૦
વળી વ્રત અને પચખાણો, દેવ વંદન વિધી જાણો;
છે સુગતી તેથી થનારી. હીત૦
ગુરૂ તણી નીંદા પર હરજો, વળી મુની વૈયાવચ કરજો;
જશો મોક્ષ નરક નિવારી. હીત૦

(નાથ કૈસો ગજકો.)

અહો પ્રભુ આજે કૃતારથ કીધા, યોગ્ય જાણી ઉપદેશો દીધા.
આજથી અંગીકાર કરીશું, શાસ્ત્ર વચન સુખકારી.
એક અરીહંત ધ્યાન ધરીને, કરશું કુકર્મ નિવારી અહો.
માત પીતા સુત બાંધવ ભગની, કયાં પ્રીતમ કે પ્યારી,

સ્વાર્થ તણી સહુ સાથે સગાઈ, ઈંદ્રજાળ સમ યારી અહો.
આપે કર્યા ઉપકાર અનંતા, પડતા નીગોદ નિવારી,
લુબ્ધ થયા નહીં અન્ય ધરમથી, આપ થયા ઉપકારી અહો.
ભાગ્ય હીણા અમો પાપીઆ પુરા, કસ્તુરીને હીંગ ધારી,
ક્ષમા કરો મુનિરાજ હવે સૌ, હોય કસુર અમારી. અહો.
શ્રી નવકાર ગણી નિત પાળશું, શ્રાવક શુભ આચાર.
આપ તણા ઉપદેશ સુણી હવે, તરશું આ સંસાર, અહો.
બીનતી સુણી હવે શ્રાવક સંઘની, આહીં રેહેવા ઉર ધારો,
જૈન સમુદાય શેવક સર્વનો, મહારાજા હર્ષ વધારો. અહો.

(જફાવો સીતમકુ)

અહો મુનિરાજા એશું આદરો કૃપાવંત નીરાશા શાનેકરો
વીનંતી તમો ધ્યાને નહીં શું ધરો, ગુરૂજી મને આપનો આશરો
બહુ બોધ આપેરહી આપીઓ, તજાવી કુબુદ્ધી દીધી બુદ્ધીઓ
જતાં નર્ક નિગોદે નીવારીઓ, ડુબ્યો ભવદરીએથી ઉગારીઓ
મને કોણ દેશે હવે સદબોધ, ગુરૂજી કરીશ કયાં આપનો શોધ
તજી ચાલો તરછોડી શાને તમો, લળી લળી પાએ નમુછું અમો
પ્રભુ મારો વાંક શું ઉર આવિઓ, તજી નેહ શેવક ધિક્કારીઓ
હતા ભવ સમુદ્રે નૌકા રૂપે, છેદી વ્રત સ્વામીશુ નાખોકુપે
હવે કોણ આદેહીને તારશે, કસાયો ચારે ખુબતો મારશે
તેથી જીવ આકોણ ઉદ્ધારશે, વીપત્તિને કોણ હવે વારશે
ઈત્યાદી હશે આજ્ઞા આપની, ક્ષમા દ્રષ્ટિથી જુવો મારી ભણી

ભૂલે ચુકે નીંધ્યા ગુરૂજી હશે, મારી આપની તરફથી તો થશે
ધરો વીનતી ઉર મારી હવે, થશે દીલ દુખી તમારા જવે
સ્વામી વીરહ શીરીતે વેઠશું, ફરી ગુરૂ ભાવથી ક્યાં ભેટશું
વીખુટી વીના નિરની માછલી, થશે તેદશા આપ વિણ પાછલી
કરે વીનતી **સશીસુત** નીસાથ, ધરો ધ્યાને **મંગળ**ના નમુનાથ

(ગીરધારીરે)

ગુરૂ ગુણ રાશીરે આમ ઘટે શું તમને, શાને તરછોડો અમને
તુમ વીણ સ્વામીરે, સંસારથી કોણુ તારે, હવે કરવું શું આંહીં હમારે

(ઝુલ.)

વીહાર કરી વિચરશોરે, પછી સુંપરત કોને કરશોરે
ગુરૂજી અર્જ હવે ઉર ધરશોરે, મહા મુનિરે, હતા તમારે આધારે
હવે કરવું શું આંહીં હમારે
ગુણ ધામીરે એમ કદી નવ કરશો, પુર બાહાર નહીં પગ ધરશો
અન્ય ઠામેરે ગુણ તમારા ગાશું, રહો યાં બીજું ચોમાસું.

(ઝુલ.)

સ્વામી વીનતી લ્યો સ્વીકારીરે, તુમ ગએ ગતી શી હમારીરે
વરીએ તુમ બોધે શીવ નારીરે, ઉપગારીરે દુરન તુમથી થાશું
રહોઆં બીજું ચોમાસું.
ભવ સમુદ્રરે નૌકા રૂપ છો મા'રે કળી કાળમાં કોણુ ઉગારે
ગુરૂજી તમારોરે વીરહ નહીં વેઠાશે, હા દૈવ હવે શું થાશે,

(ઝુલ.)

અમે મુકી ગુરૂ હવે ચાલ્યારે, નહીં ઉભારહો કર ઝાલ્યારે
બહુ બોધના બીજો આલ્યારે, મંદ બુદ્ધીરે, ગુણ રહી ક્યાં ગાશે
હા દૈવ હવે શું થાશે
ગુરૂ માહારારે વે'લેરા દરીશણુ દેજો, સેવકોની શુદ્ધ લેજો

ધર્મ વીરહેરે દુઃખીયા દીન કેમ જાશે, જેમ જળ વીનમિન આભાસે

(ઝુલ.)

તેમ હવે અમોને થાશેરે, સુખ સપતી ખાવા ધાશેરે
પ્રભુ પુરજો આવી આશરે, ગુરૂદરીઆ રે, રાખો ચરણની પાસે
જેમ જળ વીન મિન આ ભાસે;

(કંથર્માન.)

ગુરૂવીણ ઘડી નહીં રેવાય, જીવ ઘણો ગભરાય. ગુરૂ૦
અમે જાણ્યુંતું આંહીંજ રેહેશે, ગુરૂ મારા ગુણવંત.
પણ ચોમાસું પુરણ થાતાં, મુનિજી વિહાર કરંત ગુરૂ૦
રાજનગરના નરનારીને, હુવોતો હર્ષ અપાર.
જુદાઈ થાતા જન સઘળાના, દુખી થયાં દેદાર. ગુરૂ૦
પ્રેમે પ્રભુને પ્રાર્થના કરીએ, મેળવજો મુનિરાય.
ચરણકમળમાં ચીતછે ચોટયું, ગુણશશી સુત ગાય. ગુરૂ૦

ગુહલી

જંગમ તિરથ સુરતરૂ, ગુરૂ ગુણના દરીયા, હાંહાંરે ગુરૂ ગુણના દરીયા,
શાંત દાંત અણગાર જે, સમતા રસ ભરીયા, હાંહાંરે સમતા રસ ભરીયા, ૧
પાર્શ્વચંદ્ર સુવિહાન સુરી' તપ ગણતા ગોરી, હાંહાંરે તપ ગણતા ગોરા
સુધ્યા આરી તે થયા, મુનિવરમાં ધોરી, હાંહાંરે મુનિવરમાં ધોરી. ૨
પ્રહ ઊઠી સમરે સદા, જે ભવી નરનારી, હાંહાંરે જે ભવી નરનારી,
સમ મહા ભય દુરટળે, નાવે કદી મારી, હાંહાંરે નાવે કદી મારી. ૩
રોગ શોગ આપદ ટળે, સંકટ નહીં આવે, હાંહાંરે સંકટ નહીં આવે,
રિધ્ધી સીધ્ધી સંપદ મળે, મન વંચ્છીત પાવે, હાંહાંરે મન વંછીત પાવે. ૪

ધ્યાન ધરે ગુરૂ રાજ્યનું, મંગળ ઘર આવે, હાંહાંરે મંગળ ઘર આવે,
સ્હેજ લક્ષ્મિ લીલા મળે, ગુરૂના ગુણ ગાવે, હાંહાંરે ગુરૂના ગુણ ગાવે. ૫
સાસનના શણગાર ગુરૂ, સકળાગમ દરીયા, હાંહાંરે સકળા ગમ દરીયા,
છત્રીસ ગુણ શંયુક્ત, સુરીપદને અનુસરીયા, હાંહાંરે પદને અનુસરીયા ૬

દશા દગ ૦ તે મુનીવરૂ, સુવિહીત ગચ્છરાયા, હાંહાંરે.
પંચ મહા વ્રત પાળતા, પાળે ખટકાયા. હાંહાંરે. ૭
વસ્તુ ગતે વસ્તુ કહી, સુભપથ બતાવી, હાંહાંરે.
બાલબોધ આગમન રચી, મતી પ્રૌઢ લગાવી, હાંહાંરે ૮
બોલ એકાસદ વર્ણવ્યા. શ્રુત શાયર શોધી. હાંહાંરે.
દેસ વિદેશ વિશે ફરી, તાર્યા ભવી બોધી, હાંહાંરે. ૯
દુકાળ દુખ નિવારીને વરશાવી વૃષ્ટી, હાંહાંરે.
માલવ દેશ નૃપ બુઝીઓ, થઈ શાંતિ તુષ્ટિ, હાંહાંરે. ૧૦
એવા ગુરૂને ગાવશે, જેનિતુ નરનારી, હાંહાંરે.
સુખ સંપદ તે પામશે, મન વંછીત ધારી, હાંહાંરે. ૧૧

(જય અંતે થશે.)

જય જય કહો "ભ્રાતૃચંદ્ર" ચિત્ત ચહો. ભ્રાતૃ૦
નામ લેતા નર્ક નિવારીએ, એક અરીહત ચિત્ત ધારીએ.
છે મહા વીર ગુણ ગંભીર, લક્ષમાં લહો. ભ્રાતૃ૦
ભૂલ ચુકની ક્ષમા કરો, અર્જ "શશીસુત"ની ધરો.
જૈની બંધુ તમને વંદુ, જય જય કહો. ભ્રાતૃ૦

સમાપ્ત.

